RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 43* Date: 02.12.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જે ગુણો મને ગુજરાતે આપ્યા છે, તે ગુણો કોંગ્રેસીઓને ગમતા નથીઃ નરેન્દ્ર મોદી

**કાલોલમાં અબ્દુલ કલામને હું લઈને આવ્યો હતો. જયોતિગ્રામ યોજનાની શરુઆત કાલોલથી કરી હતી. અમારી નિયતમાં ખોટ નથી એટલે નીતિઓ ખોટી નથી.**



કાલોલ,તા.૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. આ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાલોલમાં જાહેરસભા સંબોધી હતી. આ સભા દરમિયાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેના 'શું મોદી પાસે રાવણની જેમ ૧૦૦ મોઢાં છે?'ના નિવેદનનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલા મતદાન વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી ૧૦૦ માથાવાળા રાવણની ટીપ્પણી પર નરેન્દ્ર મોદીએ કાલોલમાં ચૂંટણીસભામાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી. અયોધ્યાના રામ મંદિરમાં પણ વિશ્વાસ નથી, એમનો તો રામસેતુ સામે પણ વાંધો. મને ગાળો બોલવા માટે રામાયણમાંથી રાવણ લઈ આવી બોલો. મને આશ્ચર્ય એ વાતનું છે કે, આટલા અપશબ્દો બોલવા છતાં કોંગ્રેસે ક્યારેય પશ્ચાતાપ પણ વ્યક્ત કર્યો નથી. કોંગ્રેસ પાર્ટી દેશના વડાપ્રધાનને નીચા દેખાડવા તેને પોતાનો અધિકાર સમજે છે. કોંગ્રેસનો ભરોસો લોકતંત્રમાં એક પરિવાર પર છે. પરિવારને ખુશ કરવા જે કંઈ કરવું પડે તે એક ફેશન થઈ ગઈ છે. કોંગ્રેસમાં તો મોદીને કોણ વધારે, મોટી અને તીખી ગાળો બોલે એની સ્પર્ધા ચાલે છે.પરંતુ જેટલો કાદવ ઉછાળશો તેટલું કમલ ખિલશે .ગુજરાતમાં પ્રથમ તબક્કાના મતદાન વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી ૧૦૦ માથાવાળા રાવણની ટીપ્પણી પર નરેન્દ્ર મોદીએ કાલોલમાં ચૂંટણીસભામાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી. અયોધ્યાના રામ મંદિરમાં પણ વિશ્વાસ નથી, એમનો તો રામસેતુ સામે પણ વાંધો. મને ગાળો બોલવા માટે રામાયણમાંથી રાવણ લઈ આવી બોલો. મને આશ્ચર્ય એ વાતનું છે કે, આટલા અપશબ્દો બોલવા છતાં કોંગ્રેસે ક્યારેય પશ્ચાતાપ પણ વ્યક્ત કર્યો નથી. કોંગ્રેસ પાર્ટી દેશના વડાપ્રધાનને નીચા દેખાડવા તેને પોતાનો અધિકાર સમજે છે. કોંગ્રેસનો ભરોસો લોકતંત્રમાં એક પરિવાર પર છે. પરિવારને ખુશ કરવા જે કંઈ કરવું પડે તે એક ફેશન થઈ ગઈ છે.

મોદીએ સભામાં જણાવ્યું છે કે જી- ૨૦ની અધ્યક્ષતા મળવા પર ગર્વ છે. એક જમાનામાં નાની - નાની વસ્તુ વિદેશથી મંગાવી પડતી હતી. કાલોલમાં અબ્દુલ કલામને હું લઈને આવ્યો હતો. જયોતિગ્રામ યોજનાની શરુઆત કાલોલથી કરી હતી. અમારી નિયતમાં ખોટ નથી એટલે નીતિઓ ખોટી નથી. ભારત આજે મોબાઈલ એક્સપોર્ટ કરતું થઈ ગયુ છે. કાલોલ - હાલોલનો આત્મનિર્ભર ભારતમાં મોટો ફાળો છે. જેમાં પંચમહાલમાં ૩૦ હજાર કરોડનું ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન થાય છે. આવનાર દિવસોમાં હાલોલ - કાલોલનો રોલ ખુબ મોટો હશે. દાહોદમાં ભારતના સૌથી શક્તિશાળી રેલવે એન્જીન બનશે તથા વડોદરામાં હવે હવાઈ જહાજ બનશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે તેલંગાણામાં કહ્યું હતું કે તેમને દરરોજ ૨-૩ કિલો અપશબ્દોને મળે છે, પરંતુ તેમનું શરીર આ અપશબ્દોને પોષણમાં ફેરવી દે છે. તેમણે ભાજપના કાર્યકર્તાઓને સંબોધતાં આ વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે લોકો મને પૂછે છે કે મોદીજી તમે થાકી જતા નથી, તો હું તેમને કહું છું કે ભગવાને મારા શરીરમાં એક એવી મિકેનિઝમ બનાવી છે કે જે અપશબ્દોને પ્રોસેસ કરીને ન્યૂટ્રિશન બનાવી દે છે. ગુજરાત ચૂંટણી માટે ચાલી રહેલા પ્રચારમાં કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિવેદન આપ્યું હતું. ગત સોમવારે અમદાવાદમાં એક જાહેરસભા દરમિયાન ખડગેએ કહ્યું હતું કે શું મોદી પાસે રાવણની જેમ ૧૦૦ મોઢાં છે? મને સમજાતું નથી. તો રવિવારે સુરતમાં એક જાહેરસભા દરમિયાન ખડગેએ પોતાને અસ્પૃશ્ય અને વડાપ્રધાન મોદીને જુઠ્ઠાણાંના સરદાર જણાવ્યા હતા.

# ઈડીના રિમાન્ડ રિપોર્ટમાં કેસીઆરની દીકરી કવિતાનું નામ સામે આવ્યું



નવીદિલ્હી,તા.૧

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ હવે તેલંગાણા સુધી પહોંચી ગયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા` દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં ઉદ્યોગપતિ અમિત અરોરાના રિમાન્ડ રિપોર્ટમાં તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆરની પુત્રી કે. કવિતાનું નામ સામે આવ્યું છે. સાઉથ ગ્રૂપના સભ્યોમાંથી એક તરીકે કવિતાનું નામ રિપોર્ટમાં સામે આવ્યું છે.ઈડીના રિમાન્ડ મુજબ દારૂ કૌભાંડના આરોપી અમિત અરોરાએ પોતાના નિવેદનોમાં ટીઆરએસ એમએલસી કે. કવિતાના નામનો ખુલાસો કર્યો છે. સાઉથ ગ્રૂપના એક સભ્યના રૂમમાં કવિતાનું નામ આવ્યું છે જેમણે અન્ય એક બિઝનેસમેન મારફતે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતાઓને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ આપી હતી. જો કે ઈડીના આ રિપોર્ટમાં કવિતાનું નામ સામે આવ્યું ત્યારથી ટીઆરએસ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા નથી આવી.

આ પહેલા તેલંગાણા બીજેપીના પ્રદેશ અધ્યક્ષ બંદી સંજય કુમારે સપ્ટેમ્બર મહિનામાં આરોપ લગાવ્યો હતો કે, મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને તેમનો પરિવાર પણ દિલ્હીના દારૂ કૌભાંડમાં સામેલ છે. બીજી તરફ ઓગસ્ટમાં દિલ્હીના બીજેપી સાંસદ પરવેશ વર્મા અને પૂર્વ ધારાસભ્ય મનજિંદર સિંહ સિરસાએ પણ કવિતાને કૌભાંડ સાથે જોડીને આરોપ લગાવ્યો હતો.

કવિતા દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસ પર હૈદરાબાદની સિટી સિવિલ કોર્ટે વચગાળાના આદેશમાં ભાજપના નેતાઓને કવિતા વિરુદ્ધ કોઈપણ બદનક્ષીભર્યા નિવેદનો ન કરવા નિર્દેશ આપ્યો હતો. કવિતાએ તે સમયે તેના પર લાગેલા તમામ આરોપોને ફગાવી દીધા હતા. કવિતાએ કહ્યું હતું કે, એજન્સીઓ ભાજપ સરકારના હાથમાં છે તે જે પણ તપાસ કરવા માંગે તે કરી શકે છે તેમાં તે સંપૂર્ણ સહયોગ કરશે. કવિતાએ દાવો કર્યો હતો કે, ભાજપ સરકાર ખોટા આરોપો લગાવીને મુખ્યમંત્રી કેસીઆરના પરિવારની પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

આ ઉપરાંત ઈડીએ તેના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે, દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને સીએમ અરવિંદ કેજરીવાલના પીએ સહિત ઓછામાં ઓછા ૩૬ આરોપીઓએ કથિત દારૂ કૌભાંડમાં હજારો કરોડની લાંચના પુરાવાનો નાશ કરવા માટે ૧૭૦ ફોન નષ્ટ કર્યા છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૪ લોકોની ધરપકડ થઈ ચૂકી છે. આમાં સીબીઆઈએ આપ કાર્યકર અને મીડિયા કંપનીના ભૂતપૂર્વ સીઈઓ વિજય નાયરનું નામ પણ સામેલ કર્યું છે.

# સરકારી કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર પ્રતિબંધ મુકાશે, સંસદમાં બિલ લાવશે

નવીદિલ્હી,તા.૧

સંસદનું શિયાળુ સત્ર આગામી અઠવાડીયાથી શરુ થવા જઈ રહ્યું છે અને ગત વખતની માફક આ વખતે પણ સંસદ જોરદાર રહેવાના અણસાર છે. સાથે જ કેટલાય મહત્વના બિલ પણ સંસદમાં રજૂ થાય તેવી શક્યતા છે. તમામ સરકારી કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર રોક લગાવાનું બિલ અને પ્રાઈવેટ સેક્ટરમાં લાંચને રોકવાની માગ કરનારું પ્રાઈવેટ મેમ્બર બિલ યાદીમાં સામેલ છે. જેના પર સંસદના આગામી સત્રમાં ચર્ચા થવાની છે.

લોકસભાની નોટિફિકેશન અનુસાર, આ સત્રમા સભ્યોના કુલ ૨૦ બિલ ચર્ચા માટે લિસ્ટ કર્યા છે. જયારે મોટા ભાગના પ્રાઈવેટ મેમ્બર બિલ મામૂલી ચર્ચા બાદ રદ થઈ જાય છે. આઝાદી બાદ અત્યાર સુધીમાં ફક્ત ૧૪ બિલ જ આવી રીતે પાસ થયા છે. છેલ્લે ૧૯૭૦માં કોઈ પ્રાઈવેટ બિલને મંજૂરી આપી હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમી દિલ્હીથી ભાજપના સાંસદ પરવેશ સાહિબ સિંહે ઓફિશિયલ ગવર્નમેન્ટ મીટિંગ્સ એન્ડ ફંક્શન બિલને સૂચિબદ્ધ કર્યું છે. પરવેશના જણાવ્યા અનુસાર, જર્મનીના પર્યાવરણ મંત્રાલયે સરકારી બેઠકો અને કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર બેન લગાવવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો છે, કેમ કે તેની જળવાયું અને ગ્લોબલ વોર્મિંગ પર બહું મોટી અસર થાય છે. ભારતમાં આપણે નોનવેજ ખાવાથી દૂર જવાની શરુઆત કરી શકીએ છીએ. સાથે જ ભાજપે સાંસદે એવું પણ કહ્યુ છે કે, આ બિલ સામાન્ય લોકોને નોન વેજ ખાવા પર પ્રતિબંધની માગ નથી કરતું. પણ કમસે કમ સરકાર તરફથી, આપણા સ્થાયી ખાદ્ય સિસ્ટમ અને જળવાયું અનુકૂળ જીવન શૈલીની દિશામાં એક ડગલું આગળ વધી શકીએ છીએ.

# ૧૫ વર્ષની મુસ્લિમ છોકરી પોતાની પસંદના છોકરા સાથે લગન કરવા સ્વતંત્રઃ ઝારખંડ હાઇકોર્ટ




રાંચી,તા.૧

મુસ્લિમ પર્સનલ લો નો હવાલો આપતા ઝારખંડ હાઈકોર્ટે તેના એક નિર્ણયમાં કહ્યું છે કે, ૧૫ વર્ષ કે તેથી વધુ ઉંમરની મુસ્લિમ છોકરીઓને તેમના વાલીઓની દખલ વિના તેમની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરવાની સ્વતંત્રતા છે.

તેના સમુદાયની ૧૫ વર્ષની છોકરી સાથે લગ્ન કરનાર મુસ્લિમ યુવક વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના આધારે ફોજદારી કાર્યવાહીને રદ કરતી વખતે કોર્ટે આ કહ્યું .એફઆઈઆરમાં બિહારના નવાદાના રહેવાસી ૨૪ વર્ષીય મોહમ્મદ સોનુ પર ઝારખંડના જમશેદપુરના જુગસલાઈથી ૧૫ વર્ષની મુસ્લિમ યુવતીને લગ્નની લાલચ આપીને તેનું અપહરણ કરવાનો આરોપ છે.સોનુએ છોકરીના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના આધારે અપરાધિક કાર્યવાહીને કોર્ટમાં પડકારી હતી અને ઝારખંડ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જો કે, સુનાવણી દરમિયાન છોકરીના પિતાએ કહ્યું કે તે લગ્નની વિરુદ્ધ નથી. તેની પુત્રી માટે યોગ્ય પતિની શોધ પૂર્ણ કરવા માટે અલ્લાહનો આભાર માનતા, છોકરીના પિતાએ કોર્ટને કહ્યું કે તેણે મોહમ્મદ સોનુ વિરુદ્ધ કોઈક ગેરસમજને કારણે હૈંઇ નોંધાવી હતી. છોકરીના પરિવારનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલે પણ કોર્ટને કહ્યું કે, બંને પરિવારોએ લગ્ન સ્વીકારી લીધા છે.

બંને પક્ષોને સાંભળ્યા બાદ જસ્ટિસ એસ.કે. દ્વિવેદીની સિંગલ બેન્ચે સોનુ સામે નોંધાયેલી હૈંઇ અને તેના આધારે શરૂ કરાયેલી અપરાધિક કાર્યવાહીને રદ કરવાનો આદેશ આપ્યો હતો. છોકરીના પિતાએ સોનુ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૬૬છ અને ૧૨૦બી હેઠળ એફઆઈઆર નોંધાવી હતી.

હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે મુસ્લિમ છોકરીઓના લગ્ન સંબંધિત મામલા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા સંચાલિત થાય છે. આ ખાસ કેસના સંદર્ભમાં કોર્ટ દ્વારા ઉમેરવામાં આવ્યું હતું કે, છોકરીની ઉંમર ૧૫ વર્ષની છે અને મુસ્લિમ પર્સનલ લો પ્રમાણે તે પોતાની પસંદની વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે સ્વતંત્ર છે.

# કેજરીવાલની રેલીમાં ૨૦ નેતાઓના મોબાઈલ ચોરાયાઃ મુખ્યમંત્રી રોડ શો કરી રહ્યા હતા, એફઆઈઆર નોંધાઈ

નવીદિલ્હી,તા.૧

દિલ્હીમાં એમસીડીની ચૂંટણીને લઈને આપ નેતા સતત ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણા વિસ્તારમાં રોડ શો કર્યો. આ દરમિયાન ૨૦ જેટલા નેતાના મોબાઈલ ચોરાયા. ઘટના અંગે પોલીસ એફઆઈઆર નોંધવામાં આવી છે.વાસ્તવમાં આ ઘટના તે સમયે ઘટી જયારે મલકા ગંજ વિસ્તારમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. તેમની સાથે આપના ઘણા ધારાસભ્ય અને નેતાઓ હાજર હતા. આપની રેલી દરમિયાન ચોરોએ કેટલાક નેતાના મોબાઈલની ચોરી કરી. ઉત્તરી જિલ્લાના ડેપ્યુટી કમિશનર સાગર સિંહ કલ્શીએ કહ્યું કે કેજરીવાલની રેલીમાં ઘણા નેતાઓના મોબાઈલ ચોરી થયાની ફરિયાદ મળી છે. ધારાસભ્ય અખિલેશ ત્રિપાઠી, આપ નેતા ગુડ્ડી દેવી અને ધારાસભ્ય સોમનાથ ભારતીના સચિવ દ્વારા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો.મલકા ગંજમાં રોડ શો દરમિયાન કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે જનતા કામ રોકનારની જગ્યાએ કામ કરનારને ચૂંટશે. કેજરીવાલે કહ્યું- છેલ્લા આઠ વર્ષમાં ભાજપ અને કેન્દ્ર સરકારે મોહલ્લા ક્લિનિક, સીસીટીવી પ્રોજેક્ટ અને યોગશાળા સહિત દિલ્હી સરકારના અન્ય કામો અટકાવી દીધા છે. ૧૫ વર્ષ સુધી કોર્પોરેશનમાં શાસન કર્યા બાદ પણ ભાજપ પાસે ગણતરી માટે એક પણ કામ નથી, જયારે દિલ્હી સરકારે વચન આપ્યું હતું તે તમામ કામો કર્યા છે.૨૫૦ વોર્ડ વાળી દિલ્હી નગર નિગમ ચૂંટણી માટે ૪ ડિસેમ્બરે મતદાન થશે, ૭ ડિસેમ્બરે મતગણતરી થશે અને પરિણા આવશે. પહેલા એપ્રિલમાં ચૂંટણી થવાની હતી. પરંતુ ત્રણેય નિગમના એકીકરણના નિર્ણયને કારણે ચૂંટણીની તારીખ પાછળ ધકેલાઈ. સ્ઝઢ ચૂંટણીની નોંધણી કરવાની અંતિમ તારીખ ૧૪ નવેમ્બર હતી.

# પાકિસ્તાન-બાંગ્લાદેશ બોર્ડર પર ૫.૫ હજાર સીસીટીવી કેમેરા લગાવાશે



નવીદિલ્હી,તા.૧

સરકારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરહદો પર ભારતીય મોરચાની સુરક્ષા માટે તૈનાત બીએસએફ માટે સર્વેલન્સ કેમેરા, ડ્રોન અને અન્ય સર્વેલન્સ સાધનોની ખરીદી માટે રૂ. ૩૦ કરોડનું ભંડોળ મંજૂર કર્યું છે.

આવતા વર્ષે ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસની પરેડમાં BSFની પ્રથમ મહિલા ટુકડી તેમના પુરૂષ સમકક્ષો સાથે ઊંટ પર સવારી કરતી જોવા મળશે. બીએસએફના ડાયરેક્ટર જનરલ પંકજ કુમાર સિંહે ફોર્સના ૫૮મા સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ પત્રકારોને જણાવ્યું હતું કે અમે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરહદના આગળના મોરચે ૫,૫૦૦ કેમેરા લગાવવા જઈ રહ્યા છીએ.

તેમણે કહ્યું હતું કે પશ્ચિમી મોરચે એટલે કે પાકિસ્તાન સરહદ પર ડ્રોન એટલે કે માનવરહિત એરિયલ વ્હીકલ્સ (યુએવી) દ્વારા ઊભા થયેલા ખતરાનો સામનો કરવા માટે દળ પાસે હાલમાં સંપૂર્ણ પ્રૂફ સિસ્ટમ નથી. જોકે, તેમણે કહ્યું કે અમે સરહદી વિસ્તારોમાં મોટા પાયે દેખરેખ વધારી છે.

તેમણે કહ્યું કે આગામી ગણતંત્ર દિવસની પરેડમાં ઊંટની અડધી ટુકડી મહિલાઓ હશે. આ વિવિધ ફરજો અને કાર્યોમાં આપણા મહિલા કર્મચારીઓની વધતી ભૂમિકાનું સૂચક છે, સીમા સુરક્ષા દળની પ્રખ્યાત ઊંટ ટુકડી ૧૯૭૬માં તેની સ્થાપના થઈ ત્યારથી જ પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો એક ભાગ છે. આ પહેલા, તે ૧૯૫૦થી સૈન્ય ટુકડી તરીકે પરેડમાં ભાગ લઈ રહ્યું છે. મ્જીહ્લએ પાકિસ્તાન સરહદે ૧૬ ડ્રોન તોડી પાડ્યા હતા.

નોંધનીય છે કે આમાં સશસ્ત્ર બીએસએફના જવાનો અને બેન્ડના સભ્યો સામેલ છે.

ભારત-પાકિસ્તાન સરહદ પર વધતા ડ્રોન પડકાર વચ્ચે બીએસએફએ આ વર્ષે અત્યાર સુધીમાં રેકોર્ડ ૧૬ ડ્રોન તોડી પાડ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# મહિલા અધિકારો પર બુદ્ધિજીવીઓની ચૂપકિદી




*હાલમાં ત્રણ ઘટનાઓ લગભગ એક સાથે બની. દિલ્હીના જામા મસ્જિદમાં એક નોટિસ લગાવી જેમાં લખ્યું હતું- મસ્જિદમાં છોકરી કે છોકરીઓએ એકલા આવવાની મનાઈ છે. બીજી ઘટનામાં અભિનેત્રી ઋચા ચઢ્ઢાએ ભારતીય સેનાની મજાક ઉડાવતાં એક ટ્વીટ કરી. જામા મસ્જિદવાળી ઘટનામાં દિલ્હીના ઉપરાજ્યપાલના હસ્તક્ષેપ બાદ મસ્જિદ પ્રબંધને પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો. ટ્વિટર પર ચારેબાજુથી ઘેરાયા બાદ ઋચા ચઢ્ઢાએ પણ સૂફિયાણી વાતો કરી માફી માંગી લીધી. ત્રીજા સમાચાર દારુલ ઉલમ દેવબંદથી આવ્યા. એક તાજા ફતવામાં કહેવામાં આવ્યું કે ઈસ્લામમાં જન્મદિન ઉજવવો ગુનો છે. કહેવાયું કે જન્મદિન ઉજવવાની પરંપરા ઈસાઈઓની છે અને મુસલમાનો તેમની નકલ કરે છે!*

*જામા મસ્જિદમાં નોટિસ વાપસી અને ઋચાની માફી બાદ તો જાણે એ કિસ્સા ખતમ થયા. પરંતુ આ બે ઘટનાઓ બાદ કેટલાય પ્રશ્નો પેદા થઈ ગયા છે, જેના પર ભારતીય સમાજે ગંભીરતાથી વિચાર કરવો પડશે. જામા મસ્જિદમાં એકલી છોકરીઓના પ્રવેશ પર પ્રતિબંધનો વિરોધ જ્યારે ઈન્ટરનેટ મીડિયા પર શરૂ થયો તો મસ્જિદ તરફથી સફાઈ રજૂ કરવામાં આવી. મસ્જિદના પ્રવક્તાએ કહ્યું કે છોકરીઓ પોતાના પુરુષ મિત્રોને મળવા માટે મસ્જિદમાં આવે છે, ડાન્સ કરે છે, વીડિયો બનાવે છે, એ કારણે તેમના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે. અહીં એ યાદ અપાવવું જરૂર છે કે એક વેબસીરિઝમાં જ્યારે એક મંદિરની અંદર નાયક-નાયિકાનું ચુંબન દશ્ય ફિલ્માવવામાં આવ્યું હતું તો તેનો વિરોધ થયો હતો. કેસો પણ થયા હતા. ત્યારે કથિત ઉદારવાદીઓ તરફથી એવી દલીલો કરવામાં આવી હતી કે પ્રેમ તો પવિત્ર હોય છે અને તે ગમે ત્યાં કરી શકાય. તેને અભિવ્યક્તિ સ્વતંત્રતા સાથે પણ જોડવામાં આવ્યું હતું. ત્યારે એવી દલીલો કરનારા જામા મસ્જિદવાળા મુદ્દે ચૂપ જ રહ્યા. જ્યારે અહીં તો ના ચુંબન દશ્ય હતું કે ના રોમાંટિક નૃત્યુનો વીડિયો બન્યો હતો.*

*નારી સ્વતંત્રતાની વાત કરનારી અને ખુદને ઉદારવાદી પ્રચારિત કરનારી ક્રાંતિકારી મહિલાઓ પણ આ મુદ્દા પર ખામોશ જ રહી. થોડાં વર્ષ પહેલાં મહારાષ્ટ્રના શનિ શિંગણાપુરમાં મહિલાઓના પ્રવેશ પર બહુ હંગામો માચાવાયો હતો. એ સમયે જેટલી મહિલાઓ પક્ષમાં ઊભી થઈ હતી, ઈન્ટરનેટ મીડિયા પર જે પ્રકારનો ગુસ્સો કે વિરોધ જોવા મળ્યો હતો, તે જામા મસ્જિદના નિર્ણય સમયે ન દેખાયો. એ ફિલ્મી અભિનેત્રીઓ પણ ડોકાઈ નહીં, જે મહિલા અધિકારો માટે હાથમાં તક્તીઓ લઈને ટ્વિટર પર ધમાલ મચાવી દેતી હતી. તેમની પાસે જામા મસ્જિદમાં છોકરીઓના પ્રવેશ પર પ્રતિબંધના સમાચારો નહીં પહોંચી શક્યા હોય, પરંતુ શનિ શિંગણાપુરથી તેમને પરેશાની થઈ જાય છે. આ કથિત ઉદારવાદી, પ્રગતિશીલ કે મહિલા અધિકારોનો ઝંડો લઈને ચાલનારી મહિલાઓની આ પ્રકારની પસંદગીની ચૂપકિદીઓ તેમના જાહેર સ્ટેન્ડને સવાલોના દાયરામાં લાવી દે છે. તેમના આ પ્રકારના સ્ટેન્ડથી સમાજમાં એક અલગ જ પ્રકારની સાંપ્રદાયિક સ્થિતિઓ બને છે, જેની અસર ઘણા લાંબા સમય બાદ જોવા મળે છે. આ સ્થિતિ સમાજ માટે ઘાતક છે.*

## ન્યૂઝીલેન્ડ બાદ ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ,વન-ડે અને ટેસ્ટ સિરીઝનો કાર્યક્રમ

મુંબઈ,તા.૧

ન્યુઝીલેન્ડના પ્રવાસ પછી, ટીમ ઈન્ડિયા હવે બાંગ્લાદેશ જવા માટે તૈયાર છે. વાસ્તવમાં, ૪ ડિસેમ્બરથી, ભારતીય ટીમ ૩ વનડે અને ૨ ટેસ્ટ મેચની શ્રેણી રમવા માટે બાંગ્લાદેશ પહોંચી રહી છે. આ પ્રવાસની શરૂઆત વનડે શ્રેણીથી થશે. જેની પ્રથમ મેચ રવિવાર ૪ ડિસેમ્બરે રમાશે. ટીમ ઈન્ડિયામાં વિરાટ કોહલી, રોહિત શર્મા, કેએલ રાહુલ તમામ ખેલાડીઓ આ પ્રવાસ માટે પરત ફરી રહ્યા છે. તો ત્યાં સૂર્યકુમાર યાદવ, સંજુ સેમસન જેવા ખેલાડીઓને આ પ્રવાસમાંથી બહાર રાખવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે રોહિત શર્મા, વિરાટ કોહલી અને કેએલ રાહુલને ન્યુઝીલેન્ડ પ્રવાસ પર આરામ આપવામાં આવ્યો હતો.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૩ વનડે શ્રેણીની પ્રથમ મેચ ૪ ડિસેમ્બરે રમાશે. જ્યારે શ્રેણીની બીજી મેચ ૭ ડિસેમ્બરે રમાશે. તે જ સમયે, આ શ્રેણીની છેલ્લી મેચ ૧૦ ડિસેમ્બરે રમાશે. ભારત-બાંગ્લાદેશ શ્રેણીની ત્રણેય મેચ મીરપુરના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાશે. આ સિવાય બંને ટીમો વચ્ચે ૨ ટેસ્ટ સીરીઝની પ્રથમ ટેસ્ટ મેચ ૧૪ થી ૧૮ ડિસેમ્બર વચ્ચે ચિત્તાગોંગના ઝહુર અહેમદ ચૌધરી સ્ટેડિયમમાં રમાશે.

ચનથી

મુશાયરાને સંમોહિત કરું,
એવો સ્ટેજનો માણસ નથી.
જોઈને ભીડ ચિચિયારી કરે,
એવા ક્રેઝનો માણસ નથી.
માપવો હોય તો માપી લો,
એવા ગેજનો માણસ નથી.
અદનો મજૂર આદમી છું ભૈ,
એવો મેજનો માણસ નથી.
ધગધગતા સૂરજ સમાન છું,
એવો ભેજનો માણસ નથી.
અમારી હસ્તિ મિટાવી શકો,
એવો કાગજનો માણસ નથી
ખરીદવો છે,તો જલ્દી ખરીદો,
એવો રકઝકનો માણસ નથી
ભરત વૈષ્ણવ
૦૧.૧૨.૨૦૨૨.

# એક ઉમેદવારે ખુરશીની ખેતીમાં લાખના બે હજાર કર્યા!!

" માન્યતામાં આવતું નથી."આટલું કહી રાજુએ બે હાથથી માથું પકડ્યું . માથું નકારમાં જોરથી હલાવ્યું. કદાચ ટ્રેનની જેમ માથું ખડી જશે કે શું?રાજુની દશા ટુ બી ઓર નોટ ટુ બી જેવી હતી. રાજુ દ્વિધાનું પોટલું બની ગયો!!

" રાજુ. આપણે રશિયાને લાલ આંખ કરીને કહ્યું છે. ઈનફ ઈઝ ઈનફ!! બાળકો ઘર ઘર રમે એમ યુધ્ધની રમત બહુ થઈ. ડાહ્યાડમરા થઈ સમાધાન કરી લો. યુધ્ધ એ કોઈ પણ સમસ્યાનું સદૈવ સમાધાન નથી. આમાં ન માનવા જેવું શું છે??" મેં રાજુને કાઉન્ટર કવેશ્ચન કર્યો!!

" ગિરધરભાઈ. હું એની વાત કરતો નથી. મારું કહેવાનું અલગ છે." રાજુએ સ્પષ્ટતા કરી.

" રાજુ. પાકિસ્તાનમા ભલે સૈન્ય , શાહનવાઝ શરીફ, કોર્ટે ઈમરાનને ગાદી પરથી ઉઠાડી મુકયો. ઈમરાન અસ્તિત્વની લડાઈ ફિનિક્સ પંખીની જેમ લડી રહ્યો છે. એસેમ્બલીની પેટાચૂંટણીમાં સાત બેઠક પર ઉમેદવારી કરી અને છ બેઠકો પર પ્રચંડ બહુમતીથી જીત્યો પણ ખરો!!!પાકમાં સરકારનિરૂધ્ધ જબરદસ્ત દેખાવો કરી સૈન્ય અને શાહનવાઝની ગેમ ફિનિશ કરી નાંખશે ." મેં આત્મવિશ્વાસથી છલકતા અવાજે કહ્યું!!

" અરે ઓ મેકિયાવેલી. ઓ એરિસ્ટોટલ, પ્લુટો!! હું એની પણ વાત કરતો નથી." રાજુ મારા પર જોરથી બરાડ્યો!

" રાજુ . તું સવાલ કરે છે અને તું જવાબ કરે છે. તું રોબોટ છે કે શું?પહેલિયા બુઝાવ્યા વિના જે કહેવું હોય તે સ્પષ્ટ કહે મને ઉખાણાંબુખાણામાં રસ નથી." મેં રાજુને પાણીથી પાતળો કરી નાંખ્યો.

" ગિરધરભાઈ. મોસમ છલકેની માફક ચૂંટણી છલકી રહી છે. પિતળ પર સોનાનો ગિલેટ ચડાવે છે. સ્ટીલ પ્લેટિનમની માફક ચમકી રહ્યું છે.દરેકને સેવા કરવાની ચળ-ખંજવાળ ઉમટી છે!!વચનોથી પ્રજાને વલૂરી રહ્યા છે. શ્વાન હાડકું ચૂસે તેમ સતાને બોટવાની હોડ મચી છે.સેવા-મેવા માટે ચૂંટણીની વૈતરણી પાર ઉતરવી પડે છે. લગ્નના વરરાજાની જેમ સજીધજીને ઘોડા,બગી, બળદગાડું , હાથી ,સાઈકલ જે વાહન મળે તે લઈને રાજપૂત યોધ્ધાની માફક ચૂંટણીયા કરવા દોડે છે!!" રાજુએ "ચુનાવસ્ય કથા રમ્યાઃ "એ સમજાવ્યું,

"રાજુ. ખુરશીદેવીને પામવા જે ચૂંટણીબંકાંઓ ઝંપલાવે છે તે નો યોર કસ્ટમર એટલે કે કેવાયસી-ગ્રાહકને ઓળખો અભિયાન હેઠળ વ્યવસાય, અભ્યાસ ( કયા ધોરણમાં કોના લીધે કેટલી ડાંડી મારી તેની વિગતો પણ વિગતવાર કહેવી પડે!) પત્ની ,પતિ, મિલકત, ઘરેણા, જમીન, મકાન( દુકાન, ફ્લેટ, શેર, ડિબેન્ચર, દેવા ધંધા, ખેતી, વ્યવસાય વગેરેની માહિતી ઉમેદવારીપત્રામાં આપવી પડે. જમીનની બજાર કિંમતને બદલે જંત્રી કિંમત દેખાડી મિલકતની રકમમાં ઘટાડો કરી શકે. ઘણા ઉમેદવારોના કિસ્સામાં એક ચૂંટણી લડ્યા પછી બીજી ચૂંટણી લડે તે ગાળામાં ઘરવાળીની સંખ્યામાં ધરખમ વધારો થાય. કેટલાકના કિસ્સામાં ખરતા તારાની જેમ ઘરવાળી પણ ખરી પડે!( ખબરદાર કોઈએ કોઈનું નામ લીધું છે તો!! ઉમેદવારીપત્ર એકઝાટકે રદ કરી દઈશ!!)" ઉમેદવારે ચૂંટણી લડવા માટે શું શું રજૂ કરવાનું તેની યાદી મેં સંભળાવી.

" ગિરધરભાઈ. ચૂંટણીના ફોર્મમમાં મિલકતોની વિગતે રજૂ કરવામાં આવે છે.એમાં દર પાંચ વરસે સતત વધારો જ થતો હોય છે. જમીન, રોકડ, દાગીના , ખેતીની જમીન , ડિબેન્ચરમાં ઘરખમ વધારો થાય. માનો કે રાજા શાહીની રાજકુમારી.રાતે વધે નહીં તેટલે દિવસે વધે. અત્રે કચરાનું ઉદાહરણ પણ તમને ગમશે નહીં. રાજકુમારી અસાધારણ રીતે વધે એ તો સમજ્યા ભૈ! કોઈ વાર્તામાં રાજાનો કુંવરને આ રીતે વધતો દેખાડતા નથી તો તેનો વિકાસ નહીં થતો હોય કે શું??" રાજુ રદીએ સટીક સવાલ કર્યો!!

"રાજુ. આજ સુધીમાં ઉમેદવાર, ઉમેદવારની પત્ની , સંતાનો ની રોકડ, સોના, જમીન ,જાયદાદ, ફ્લેટ વગેરેમાં તોતિંગ વધારો થાય છે. ક્યારેય રતિભાર ઘટાડો થતો નથી. શેરબજારની ભાષામાં શેરબજાર તૂટે ત્યાર્ અબજો-કરોડો રૂપિયાની સંપતિ ધોવાઈ જતી હોય છે. એક ચૂંટણી બાદ બીજી ચૂંટણી દરમિયાન એક પણ ઉમેદવારની સંપતિ કૃષ્ણ પક્ષના ચંદ્રકળાની જેમ ઘટતી નથી!!! ઉમેદવારની પાંચે ( વાસ્તવમાં ચાર આંગળી હોય છે. પાંચમી આંગળી નહીં પણ અંગૂઠો હોય છે. જે ઠેંગો બતાવવાનાં કામમાં આવે છે. ઠેંગો બતાવવા માટેના કામમાં આંગળી કેમ કામ આવતી નથી તે મોટો પ્રશ્ન છે!??) ઉમેદવારની પાંચે આંગળી ઘીમાં નહીં પણ પનીરમાં હોય છે!! કેમ કે, રાજકારણ મૂડી રોકાણ વગરનો પારકી મૂડીને પોતાની સમજીને લૂંટવાનો ધંધો છે. જેમાં હંમેશા મુનાફા હી મુનાફા હૈ, ક્યા સમજે ભીડું?"મેં રાજુને ધંધાકીય રહસ્ય શેર કર્યું!!

" ગિરધરભાઈ. ગજબ થઈ ગયો. નામુમકીન, મુમકીન થઈ ગયું .લૂંગી ફાડ કે રૂમાલ નહીં પણ રૂમાલ જોડ કે જોડ કે લૂંગી થઈ ગઈ!! આપણા એક ઉમેદવારની ની ૨૦૧૭ની આવક સામે ૨૦૨૨ માં આવકનું ધોવાણ થઈ ગયું .આવક મીણબત્તીની જેમ પીગળી ગઈ!!એક,બે, ત્રણ નહીં પણ સાડા અગિયાર કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું .લાગે છે કે કળયુગના વળતા પાણી છે અને સતયુગ પાછલા પગે- ચોરપગલે આગમન કરી રહ્યો છે."રાજુએ વૃતાંત નિવેદક( ટપ્પો ન પડ્યો?ગુજરાતીમાં ન્યુઝ રિપોર્ટર . !!!)ની જેમ અહેવાલ આપ્યો.

ખેતી કે ધંધામાં લોકોની ગણતરી ખોટી પડે તો લાખના બાર હજાર થયા એવું કહેવાય છે. આ તો ખુરશીની ખેતીમાં લાખના બે હજાર કર્યા!!શું કહો છો તમે

ભરત વૈષ્ણવ
૦૧.૧૨.૨૦૨૨.

# ૨ કરોડનો વીમા ક્લેમ લેવા માટે પતિએ પોતાની પત્ની અને સાળાની હત્યા કરી નાખી હતી

## આ કામ માટે તેણે હીસ્ટ્રીશીટરને ૧૦ લાખ રૂપિયાની સોપારી આપી હતી

જયપુર,તા.૧

૨ કરોડનો વીમા ક્લેમ લેવા માટે પતિએ પોતાની પત્ની અને સાળાની હત્યા કરી નાખી હતી. આ કામ માટે તેણે હીસ્ટ્રીશીટરને ૧૦ લાખ રૂપિયાની સોપારી આપી હતી. ડબલ મર્ડરની આ સનસનીખેજ ઘટના રાજસ્થાનની છે. રાજસ્થાનની રાજધાની જયપુરમાં સનસનીખેજ બ્લાઈંડ ડબલ મર્ડરનો ખુલાસો થયો છે. તેમાં હરમાડા પોલીસ ચોકીએ મૃતક મહિલા શાલૂના પતિ મહેશચંદ ધોબી અને માલવીય નગરના હિસ્ટ્રીશીટર મુકેશ સિંહ રાઠોડ સહિત ચાર આરોપીની ધરપકડ કરી છે. બાકીના બે આરોપીઓએ ઘટનામાં પોતાની બે ગાડીઓની વ્યવસ્થા કરી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પત્નીથી છુટકારો મેળવવા માટે અને બે કરોડનો દુર્ઘટના ક્લેમ લેવા માટે આરોપી પતિ મહેશચંદે આ હત્યાકાંડ માટે એક હિસ્ટ્રીશીટર મુકેશ સિંહ રાઠોરને ૧૦ લાખ રૂપિયાની સોપારી આપી હતી. તેના માટે ૫ લાખ રૂપિયા એડવાંન્સમાં આપ્યા હતા.




ડીસીપી વેસ્ટ વંદિતા રાણાએ આ ઘટનાને લઈને કહ્યું છે કે, આ ઘટના હરમાડા વિસ્તારમાં ૫ ઓક્ટોબરે રોડ અકસ્માતનું ષડયંત્ર કરતા આ ઘટના ઘટી હતી. આ ઘટનામાં ફુડ સ્પિડે આવતી એસયૂવીની ટક્કરથી બાઈક સવાર શાલૂ નામની મહિલા અને તેના મામા ભાઈ રાજૂનું કરુણ મોત થઈ ગયું હતું. હત્યાના સમયે તે બંને બાઈકથી સામોદ હનુમાન મંદિરમાં દર્શન કરવા જઈ રહ્યા હતા.

ડીસીપી વેસ્ટ વંદિતા રાણાએ જણાવ્યું છે કે, રોડ અકસ્માતમાં બંને ભાઈ બહેનોના મોતની દુર્ઘટના પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારે હરમાડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ દયારામે આ જાણકારી આપી હતી કે, મૃતક શાલૂના પતિ મહેશ ચંદે મે ૨૦૨૨માં ૧ કરોડ ૯૦ લાખ રૂપિયાનો વીમો કરાવ્યો હતો. જેનો એક હપ્તો પણ ભર્યો હતો. શાલૂના મહેશચંદ સાથે જયપુરમાં ૨૦૧૫માં લગ્ન થયા હતા. લગ્ન બાદ અબોલા થતાં વર્ષ ૨૦૧૭માં બંને અલગ રહેવા લાગ્યા. ત્યારે ૨૦૧૯માં શાલૂએ પોતાના પતિ મહેશ ચંદ વિરુદ્ધ દહેજ ઉત્પીડનનો કેસ નોંધાવ્યો. જેનાથી પતિ-પત્ની વચ્ચે અબોલા વધી ગયાં.

પતિ -પત્ની વચ્ચે અણબનાવ થતાં મહેશ ચંદે એક ષડયંત્ર રચીને પત્ની શાલૂને મનાવીને પોતાના ઘરે લઈ આવ્યો. ત્યાર બાદ મહેશ ચંદે પોતાની પત્ની શાલૂને આ વર્ષે મે મહિનામાં ૨ કરોડ રૂપિયાનો દુર્ઘટના વીમો કરાવ્યો હતો. મહેશ ચંદે માલવીય નગરમાં હીસ્ટ્રીશીટર મુકેશ સિંહ સાથે મળીને પત્ની સાલૂની હત્યાનું કાવતરુ રચ્યું. સાથે જ તેને રોડ અકસ્માત ગણાવી દેવાનો પ્લાન પણ બનાવ્યો હતો.

એસીપી રાજેન્દ્ર નિર્વાણના જણાવ્યા અનુસાર, પતિ મહેશ ચંદે પોતાની પત્ની શાલૂને કહ્યું કે, તેણે સારા સંબંધો માટે એક માનતા માની છે. જેમાં પત્નીને કહ્યું કે, તે ૧૧ મંગળવારે સામોદમાં વીર હનુમાનજીના દર્શન કરીને આવે, પણ તે ફક્ત મોટરસાયકલ પર જ મંદિર જશે. શાલૂએ પોતાના પતિની વાત માનીને પોતાના ભાઈ રાજૂ સાથે ૫ ઓક્ટોબરે હનુમાનજીના મંદિરે દર્શન કરીને બાઈકથી રવાના થઈ, ત્યારે મહેશચંદે પોતાની સાથીઓ સાથે મળીને હરમાડા ઘાટીમાં એસયૂવી ગાડીથી પત્ની જેમાં બેઠા હતી તે બાઈકને ટક્કર મારી દીધી, તેમાં શાલૂ અને તેના ભાઈનું મોત થઈ ગયું. આ મોતથી સાલૂના પરિવારમાં ઊંડો આઘાત લાગ્યો. પણ અનુસંધાનમાં રહેલા કોન્સ્ટેબલ દયારામને જાણવા મળ્યું કે, મોત પહેલા શાલૂનો વીમો કરાવ્યો હતો. ત્યારે શંકા વધારે ઊંડી થઈ અને પોલીસે સીસીટીવી ફુટેજની પડતાલ કરી અને આરોપીઓની ગતિવિધિઓ પર નજર રાખી, જેમાં સનસનીખેજ ડબલ મર્ડરનો ખુલાસો થયો.

## ચીનની ભારત સાથે ફરી ગદ્દારી, પેંગોગ લેક નજીક ચીને સૈન્ય ચોકી બનાવી, અમેરિકાએ કહ્યું, અમે ભારતની સાથે છીએ

વોશિગ્ટન,તા.૧

ચીન અને પાકિસ્તાન હંમેશા ભારત સાથે અવળચંડાઈ કરતા રહે છે. ફરી આવી જ ચીનની એક હરકત સામે આવી છે. એક તરફ ચીન ભારત સાથે સંબંધો સુધારવા માટે સરહદો પરથી સૈન્ય હટાવવાની વાતો કરે છે. તો બીજી એક તરફ ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક ચીની સેના હેડક્વાર્ટર અને સૈન્ય ચોકીઓ તૈયાર કરી રહી છે. આ હકીકતનો દાવો એક વિદેશી અખબારે પોતાના અહેવાલમાં કર્યો છે.

વિદેશી અખબારના આ દાવાને લઈને અમેરિકન સાંસદ રાજા કૃષ્ણમૂર્તિએ આક્રમક પ્રતિક્રિયા આપી છે. આ અંગે રાજા કૃષ્ણમૂર્તિએ જણાવ્યું કે ભારત-ચીનની નિયંત્રણ રેખા પાસે ચીન સૈન્ય ચોકીનું નિર્માણ કરી રહ્યું છે. આ ચીનની હરકત પડોશી દેશ પ્રત્યે ચીનની આક્રમકતાનો સંકેત આપે છે. વધુમાં તેમણે ઉમેરીને કહ્યું કે અમેરિકા આ મામલે હંમેશા ભારતની સાથે છે. અખબારે આ અંગે ચીની પોસ્ટને લગતી સેટેલાઈટ તસવીરો પણ ટાંકી છે. અને, આ તસવીરો બાબતે જ તેમણે આ ગંભીર અને ચિંતાજનક દાવો કર્યો છે. તેમને કહ્યું છેકે ચીનની આ હરકત સૂચવે છે કે ચીન અહીં લાંબા સમય સુધી ટકી રહેવાનો ઈરાદો ધરાવે છે.વધુમાં તજજ્ઞોએ કહ્યું છે કે સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ પર મળેલી આ તસવીરોમાં જોવા મળે છે કે ચીનના સૈનિકોએ પેંગોંગ લેક પાસે સૈનિકો માટે હેડક્વાર્ટર તથા ચેક પોસ્ટ બનાવી દીધી છે. નોંધનીય છેકે પેંગોંગ લેક ભારત અને ચીન વચ્ચે આવેલો વિવાદીત વિસ્તાર છે. આ વિસ્તારની સરહદોને લઈને ચીન અને ભારત બંને વચ્ચે તણાવ હંમેશા વકરતો જ રહ્યો છે.

ભારત અને ચીન વચ્ચે આર્મી ચોકીના સમાચાર એ બેઈજિંગની વધતી આક્રમકતાનો વધુ એક સંકેત છે. યુએસ કોંગ્રેસના સભ્યએ જણાવ્યું કે, અમેરિકા અને ભારત સુરક્ષા ભાગીદારો સાથે સંયુક્ત રીતે લડી રહ્યું છે. યુએસ સાંસદ સ્પષ્ટ સંદેશ આપે છે કે અમેરિકા ચીનના હરકતથી નારાજ છે. અને, અમેરિકા આ મામલે હંમેશા તેના સાથી દેશો ભારત તથા તાઈવાનની સાથે છે.વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક ઉત્તરાખંડમાં ભારત-યુએસ સંયુક્ત સૈન્ય અભ્યાસની ૧૮મી આવૃત્તિ ચાલી રહી છે. ચીને બુધવારે કહ્યું હતું કે તે ભારત-અમેરિકાના સંયુક્ત સૈન્ય અભ્યાસનો વિરોધ કરે છે. આ અભ્યાસ દિલ્હી- બેઈજિંગ વચ્ચે થયેલા કરારની ભાવનાનું ઉલ્લંઘન છે.

## સરકાર ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે.: કૃષિ મંત્રી

નવીદિલ્હી,તા.૧

ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારો વિવિધ યોજનાઓ ચલાવી રહી છે. આ યોજનાઓનો સીધો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. આમાંની સૌથી મહત્વકાંક્ષી યોજના પીએમ કિસાન સન્માન નિધિ યોજના (પીએમ કિસાન સન્માન નિધિ) છે. આ અંતર્ગત પાત્રતા ધરાવતા ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા આપવાની જોગવાઈ છે. નાના ખેડૂતોના જીવનને સુધારવા પર ભાર મૂકતા કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે સરકાર ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે.

એ ફઆઈસીસીઆઈ સસ્ટેનેબલ એગ્રીકલ્ચર કોન્ફરન્સ અને એવોર્ડ કાર્યક્રમને સંબોધતા તોમરે કહ્યું કે ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કૃષિ ક્ષેત્રને મજબૂત કરવાની સરકાર અને લોકોની ફરજ છે. મંત્રીએ કહ્યું કે સરકારે છેલ્લાં આઠ વર્ષમાં કૃષિ ક્ષેત્ર પર સર્વગ્રાહી અભિગમ અપનાવ્યો છે અને કૃષિ પાકોની ઉત્પાદકતા અને ઉત્પાદનને વધારવા માટે અનેક પગલાં લીધાં છે.

આ દરમિયાન તેમણે કહ્યું કે સરકાર ખેતીની કિંમત ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે. તોમરે કહ્યું કે કુલ ખેડૂતોમાંથી ૮૬ ટકા નાના અને સીમાંત ખેડૂતો છે. ×તેમની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે,× તેમણે કહ્યું. મંત્રીએ કહ્યું કે નાના ખેડૂતોની આવક વધારવા માટે સરકાર ૧૦,૦૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરી રહી છે અને ૧ લાખ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની પણ જાહેરાત કરી છે.

આ ઉપરાંત પશુપાલન ક્ષેત્ર માટે વિશાળ કેન્દ્રીય ખર્ચવાળી નવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે સરકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકનીકો દાખલ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

### મુંબઈમાં કોરિયન મહિલાની છેડતીઃલાઈવ સ્ટ્રીમિંગ કરી રહી હતી, આરોપીની ધરપકડ

મુંબઈ,તા.૧

મુંબઈના ખાસ વિસ્તારમાં બુધવારે રાત્રે એક કોરિયન મહિલા સાથે છેડછાડ થઈ છે. ઘટના રાત્રે ૮ વાગ્યાની છે. દક્ષિણ કોરિયાની મહિલા લાઈવ સ્ટ્રીમિંગ કરી રહી હતી. ત્યારે ત્યાં બે છોકરા આવ્યા અને તૂટેલું અંગ્રેજી બોલી તેને છેડવા લાગ્યા. એકે હાથ પકડીને તેને ગાડીમાં બેસાડવાના પ્રયત્નો કર્યા. જ્યારે મહિલાએ ના પાડી તો તેને બળજબરીપૂર્વક કિસ કરવાનો પ્રયત્ન કર્યો. સોશિયલ મીડિયામાં આ વીડિયો સામે આવતાં જ મુંબઈ પોલીસે છેડછાડ કરનારા છોકરાઓની ધરપકડ કરી છે. તેમના નામ મુબીન ચંદ મોહમ્મદ શેખ અને મોહમ્મદ નકીબ સદરિયાલમ અંસારી છે.

મુંબઈ પોલીસે કહ્યું હતું કે તેમને ફરિયાદ મળી નથી. આ ઘટનાનો વીડિયો જોયો તો જાતે જ પગલાં લીધા છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે એક યુવક એકદમ જ મહિલાની નજીક આવે છે.

# ઈરાન-દુબઈમાં ભૂકંપના આંચકા અનુભવાયા, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૮ મપાઇ

દુબઈ,તા.૧

ઈરાન અને દુબઈમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર દક્ષિણ ઈરાન હોવાનું કહેવાય છે. જેના કારણે દુબઈના અબુધાબીમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દુબઈ, અબુ ધાબી અને ઉત્તરી અમીરાતના રહેવાસીઓએ ૨૦ સેકન્ડ સુધી હળવા આંચકા અનુભવ્યા. મળતી માહિતી મુજબ આ ભૂકંપ બુધવારે સાંજે ૭.૧૭ કલાકે આવ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકો ઘરની બહાર આવી ગયા હતા. જો કે ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. આ સાથે જ મહારાષ્ટ્રમાં પણ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. મહારાષ્ટ્રના થાણે જિલ્લાના શાહપુર તાલુકામાં ૨.૭ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. એક અધિકારીએ બુધવારે આ જાણકારી આપી.



શાહપુર તહસીલદાર નીલિમા સૂર્યવંશીએ જણાવ્યું કે મંગળવારે સાંજે ૫.૪૬ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે ભાતસા ડેમથી ૨૪ કિમી દક્ષિણ-પૂર્વમાં નોંધાયું હતું, તેનું કેન્દ્ર સોગાંવ ગામમાં હતું, તેમણે જણાવ્યું હતું.

અગાઉ, નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, મંગળવારે રાત્રે દિલ્હીમાં હળવી તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. રાત્રે ૯.૩૦ કલાકે આવેલા ભૂકંપની તીવ્રતા ૨.૫ હતી.

તેનું કેન્દ્ર નવી દિલ્હીથી આઠ કિલોમીટર પશ્ચિમમાં હતું. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા શેર કરાયેલ ડેટા અનુસાર, છેલ્લા ૧૦ દિવસમાં ઉત્તર અને ઉત્તર પૂર્વ ભારતમાં આ આઠમો ભૂકંપ હતો. જોકે રિક્ટર સ્કેલ પર આ તીવ્રતાનો ભૂકંપ બહુ ખતરનાક માનવામાં આવતો નથી.

# 3 ડિસેમ્બર, “વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ”

## હમ પૈરો સે નહિ, હૌંસલો સે ઉડા કરતે હૈ

વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે “વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ” મનાવવામાં આવે છે. વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસ ઉજવવાનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે. આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. તેમને હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું



મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી એવી જ રીતે તેનામાં આવડત અને ક્યાંક જ્ઞાન પણ હોય છે પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધા ચંદ્રન, એચ રામક્રિશ્ન, અરુણીમાં સિન્હા જેવી મહાન વ્યક્તિઓને કે જેમને પોતાના અંગોમાં કોઈને કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યક્તિઓને “દિવ્યાંગ” તરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે તેમને સન્માન આપી રહ્યા છે. સામાન્ય રીતે એવું પણ જોવામાં આવ્યું છે કે ઈશ્વર પણ આવા દિવ્યાંગ બાળકોને એવા જ લોકોના ઘરે મોકલતો હોય છે જે એમને સાચવવા માટે સક્ષમ હોય અને આવા બાળકોનાં ઘરમાં આવ્યા પછી એ પરિવારોની દરેક રીતે પ્રગતિ પણ થઈ હોય, કારણ કે આવા બાળકોનાં મૂંગા અને નિર્દોષ આશિર્વાદ પરિવારને સતત મળ્યા કરતા હોય છે. દિવ્યાંગ વ્યક્તિઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જ્યારે સંપૂર્ણ સ્વસ્થ સને રુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.

હમ પૈરો સે નહિ, હોંસલો સે ઉડા કરતે હૈ

# દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હિમંતનગર ખાતે ચૂંટણી સભાને સંબોધી

હિમંતનગર ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે હિમંતનગર ખાતે ચૂંટણી સભાને સંબોધી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રીઓને વિજય બનાવવા આહવાહન કર્યુ હતું. આ જાહેરસભામાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આજે ચારેય તરફથી સમાચાર મળી રહ્યા છે કે ઉત્સાહ પુર્વક, શાંતી પુર્ણ વાતાવરણમાં મતદાન થઇ રહ્યું છે. પહેલી વખત મતદાન કરનાર યુવાનોને આ વખતે ઉત્સાહ વધુ જોવા મળે છે. આ વખતે યુવાનો વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રયત્ન કરી રહ્યા છે. આજે જે મતદારોએ ભાજપના જવલંત વિજય પર મોહર મારી છે તે બદલ પણ પ્રથમ ચરણના મતદારોનો આભાર. આ ચૂંટણી ગુજરાતની જનતા લડી રહી છે. આ વખતની ચૂંટણી પાંચ વર્ષની સરકાર બનાવવાનો હેતુ નથી પરંતુ આવનાર સમયમાં દેશ કયા હોવો જોઇએ તેના માટે સરકાર બનાવવાની છે. આજે બધા કહે છે કે જો દેશના પ્રધાનમંત્રી સરદાર સાહેબ હોત તો દેશની દિશા અલગ હોત હવે ૭૫ વર્ષ પછી કામ સારુ કરી રહ્યા છે ત્યારે જેમ દેશ આઝાદ થોય ત્યારે જે ભૂલ કરી હવે ન કરતા . આવનાર ૨૫ વર્ષમાં ગુજરાતને વિકસીત કરવાનું છે. વિકસીત ગુજરાતનો અર્થ દુનિયાના સમૃદ્ધ દેશના દરેક માપદંડમાં ગુજરાત આગળ હોવો જોઇએ. ખેડૂતોના હિતમાં વધુ સારુ કામ કરી રહ્યા છીએ. શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, દિલમાં રાષ્ટ્રનીતી,રાષ્ટ્ર સર્વોપરી હોય, ૧૩૦ પરિવાર બનીને રહે ત્યારે રાજનીતી નહી રાષ્ટ્રનીતી એ જ ભાજપનો માર્ગ છે. છેલ્લા ૨૦ વર્ષમાં ભાજપે ગુજરાતમાં વિજળી,પાણી,રસ્તા,સ્કુલ,સ્વાસ્થ પર ખૂબ કામ કર્યુ છે. આજે ગુજરાતના લોકોના દિલદિમાગમાં ભાજપ માટે ભરોસો વધ્યો છે ભરોસો હોય તેમાં આશિર્વાદમાં ખોટ ન હોય. દિલ્હીની મોકલ્યાને ૮ વર્ષ થયા છે પણ મારા પ્રત્યે પ્રેમ અને લાગણી ઓછી થવા નથી દીધી એટલે આપનો આભાર. સાબરકાંઠામાં ૨૦ વર્ષમાં મગફળીની વાવણી બે ગણી થઇ ગઇ. સાબરકાંઠાની મગફળી આજે આઠ ગણી પાકતી થઇ ગઇ છે. સાબરકાંઠામાં પાંચ ગણી શાકભાજીનું ઉત્પાદન થાય છે.

શ્રી મોદી સાહેબે કહ્યું કે, આ દિલ્હીના લોકો ગુજરાતનું મીઠુ ખાય અને અંહી આવીને ગાળો બોલે છે.બટાકાની ખેતી અને કોલ્ડ સ્ટોરેજ નેટવર્ક વધ્યુ છે. કેન્દ્ર સરકાર આજે ફુડ પ્રોસેસીંગ પર ખૂબ કામ કરી રહ્યું છે.ખેડૂતોને પીએમ કિસાન સમાન નિધિ હેઠળ બે-બે હજાર રૂપિયા જમા કરવામાં આવે છે. દિલ્હીથી ૪૮૦ કરોડ રૂપિયા સાબરકાંઠાના ખાતામાં જમા કર્યા છે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૮ વર્ષમાં ૬૦૦ કરોડની અનાજ ખરીદ્યુ હતું અને ભાજપે ૮ ૨ વર્ષમા ૬૦ હજાર કરોડ રૂપિયાના તેલીબીયા,કઠોલ અને દાળ ખરીદ્યા છે. આ દેશના પશુઓને ખરપગની જે બીમારી થાય છે તેના નિવારણ માટે પશુઓને આખા દેશમાં મફત રસીકરણ કામ ચાલી રહ્યું છે. પશુપલકોને નાના-ખર્ચ માટે રૂપિયા મળે છે. કિશાન ક્રેડિટ કાર્ડ થકી પશુપાલકોને બેંકમાંથી ઓછા દરે લોન મળે છે. આજે આયુષ્યમાન કાર્ડ થકી પાંચ લાખ સુધીની સારવાર ગરીબ કે મધ્યવર્ગનો દર્દી ફ્રીમાં કરાવી શકે છે. કોંગ્રેસના રાશમાં ૪ કરોડ ભૂતિયા કાર્ડ હતા આ બધુ ભાજપ સકકારે બંધ કરાવી દીધું. આવનાર સમયમાં ગુજરાત વધુ મજબૂત વિકાસ સાથે આગળ વધે તે માટે પોલીંગ બુથમાં ઐતિહાસીક મતદાન કરાવવા વિનંતી કરી.

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, જાહેરસભામાં જનમેદનની બતાવે છે કે વિધાનસભાની ચારેય બેઠક પર કમળ ખીલશે. આજે ગરીબ, વંચિક, પીડિત, આદિવાસી, ગ્રામીણ, ખેડૂત,મધ્યવર્ગીય દરેક વર્ગના લોકો જાણે છે કે ભાજપ એટલે ભરોસોની સરકાર. ગુજરાતની જનતાએ અમારા પર મુકેલો ભરોસો અમે કયારેય તુટવા નહી દઇએ. સંકલ્પ પત્રમાં ભાજપે ગુજરાતને દરેક ક્ષેત્રે અગ્રેસર બનાવવાનો રોડમેપ રજૂ કર્યો છે. ભાજપ જે કહે તે કરે અને જે કરી શકે તે જ કહેવું તેમા માને છે. જે વિકાસના કામોના ભૂમિ પૂજન અને ખાતમુહૂરત ભાજપ કરે છે તેનું લોકાર્પણ ભાજપ જ કરે છે. સબરકાઠાને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પશુઓને વૈજ્ઞાનિક ઢબે રાખ રખાણ અને સંભાળ-માવજત માટે એનિમલ હોસ્પિટલ આપી છે.શાળા પ્રવેત્સોવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો થકી ડ્રોપ આઉટ રેટ ઘટીયો છે. ડબલ એન્જિનની સરકારે હિંમતનગરમાં મેડકિલ કોલેજ અને હોસ્પિટલ શરૂ કરી ઘર આંગણે સુવિધા આપી છે.હિંમતગરથી ખેડબ્રહ્મા સુધીની મીટીરગેજ લાઇનનું બ્રોડગેજમાં રૂપાતંર કરવાનું કાર્ય શરૂ કર્યુ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં ગુજરાત દેશનું રોલ મોડલ બન્યું છે. આ વખતે ફરી એક વખત ઐતિહાસીક બેઠક જીતશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો.

જાહેરસભામાં પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ,સાંસદશ્રી દિપસિંહ રાઠોડ,શ્રીમતી રમીલાબેન બારા, ઉમેદવારશ્રીઓશ્રી શ્રી અશ્વીનભાઇ કોટવાલ,શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા,શ્રી ગજેન્દ્રસિંહ પરમાર,શ્રી રમણભાઇ વોરા, સહિત પ્રદેશ અને જીલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચૂંટણીનો ચકરાવો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન આજે સાંજે ૫:૦૦ વાગે પૂર્ણ થયું. ગુજરાતમાં પંચમહાલ સાબરકાંઠા અને ત્યારબાદ અમદાવાદમાં ૩૮ કિલોમીટરના રોડ શો ઉપર પ્રધાનમંત્રીએ પોતે મત માગવા માટેનું નવીન પ્રકારનું રાજકારણ પ્રજાને બતાવી. સમગ્ર ગુજરાતમાં પ્રજાએ ઓછું મતદાન કરીને પોતાનો રિચાર્જ શાસક સરકારને પણ બતાવજો. ભારતીય જનતા પાર્ટીના સમગ્ર દેશમાં જ્યાં જ્યાં ભાજપની સરકાર હોય ત્યાંના મુખ્યમંત્રીઓ અને મોટાભાગના ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ આવીને ગુજરાતમાં તમામ વિધાનસભા ક્ષેત્રોમાં ઝંઝાવાતી પ્રચાર કર્યા તોય પણ પ્રજાત માનસ ઉપર તેની કોઈ અસર થઈ હોય તેવું જોવા મળ્યું નહીં. ભારતીય જનતા પાર્ટી નો વૈભવી પ્રચાર સમગ્ર ગુજરાતની જનતાએ જોયો અને પ્રથમ તબક્કાનો મતદાન કરીને એક મોટો આંચકો પણ આપ્યો. કોંગ્રેસે પણ રાજનીતિમાં થોડોક બદલાવ કર્યો અને રાષ્ટ્રીય તેમના નેતાઓ ને બોલાવીને ગુજરાતમાં સભાઓ ગજવી પણ તેનો કંઈ બહુ અસર થઈ હોય તેવો દેખાવ જોવા મળ્યો નથી તેવી રીતે આમ આદમી પાર્ટી એ પણ તેના રાષ્ટ્રીય નેતાઓને બોલાવીને રોડ શો અને સભાઓ કરી અને પોતાના પ્રથમ વિધાનસભા ચૂંટણી લક્ષી દેખાવો કર્યા જેનું પરિણામ પણ આવશે ત્યારે જ ખબર પડશે કે આમ આદમી ખરેખર ભાજપને કે કોંગ્રેસને નડી ગઈ કે ગુજરાતના દિવસ નેતાઓને હરાવવામાં મુખ્ય રોલની ભૂમિકા ભજવી. જન ફરિયાદ ન્યુઝ પ્રદીપ રાવલ ગાંધીનગર

### ચુંટણીમાં માતૃત્વ ઓન ડ્યુટી

# રાજકોટની મહિલા કોન્સ્ટેબલ અઢી વર્ષની દીકરીને સાથે રાખીને ફરજ નિભાવી

રાજકોટ,તા.૧

એક માતા બાળકો માટે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ અડીખમ રહે છે આ વાતને રાજકોટની મહિલા કોન્સ્ટેબલે સાર્થક કરી છે. તેઓ અઢી વર્ષની દીકરીને ચૂંટણી દરમિયાન સાથે લઈ જઈને માતૃત્વની જવાબદારી નિભાવે છે. તો સાથે સાથે પોલીસ સ્ટેશનમાં તેમના રોજીંદા કાર્યો કરીને નોકરી પ્રત્યેની પણ ફરજ બજાવે છે.

અત્યારે ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે પોલીસ દિવસ રાત એક કરીને તેની ફરજ નિભાવે છે. ત્યારે રાજકોટના આ મહિલા કોન્સ્ટેબલ અરૂણાબેન તેની અઢી વર્ષની દીકરીને સાથે રાથીને ફરજ



નિભાવી રહ્યાં છે. જે ખરેખર ખુબ જ ગર્વની વાત છે.પોલીસકર્મી અરૂણાબેને જણાવ્યું હતું કે હું મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવુ છું. અત્યારે ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. ત્યારે મને કોટક સ્કુલમાં મુકવામાં આવી છે. જ્યાં હું મારી ફરજ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે બજાવુ છું. ત્યારે અરૂણાબેને જણાવ્યું કે ઘરમાં હું અને મારો પતિ અને અમાર અઢી વર્ષનું બાળક અમે ત્રણેય સાથે રહીએ છીએ.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે અને ઘરે કોઈ મારા બાળકને સાચવે એવુ છે નહીં એટલા માટે હું મારી દીકરીને મારી સાથે રાખુ છે અને સાથે સાથે ફરજ પણ નિભાવુ છું. અમારૂ જ્યાં ક્વાટર છે ત્યાં ઘોડિયા ઘર છે. ત્યાં અમે સવારે રાખીએ છીએ પણ ચૂંટણીના કારણે અમને ૨ દિવસ અહિંયા જ નાઈટ હોલ્ડ હોય છે. જેથી હું મારા બાળકને ત્યાં રાખી શકતી નથી.

તેમણે જણાવ્યું હતું કે,જેથી હું મારા બાળકને સાથે જ રાખુ છું.કારણ કે ત્યાં આખો દિવસ સાચવે તેવુ હોતુ નથી. એટલે હું મારા બાળકને સાથે રાખુ છું.કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ અને મારી ફરજના ભાગરૂપે હું મારી ફરજ નિભાવુ છું. લોકશાહીનો પર્વ છે એટલે કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ જે પણ આવે છે તે હું નિભાવુ છું. સાથે જ એક માતા તરીકેની પણ ફરજ નિભાવુ છું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે,મારા પતિ બિઝનેસમેન છે. એટલે ક્યારેક એવુ પણ બને કે તે વધારે મારે કામ હોય તો તેને અમારા બાળકને સાચવવુ પડે.પણ ઘણી વખત અમે પણ એડજસ્ટમેન્ટ કરી લઈએ છીએ.હું ઘણી વખત સાથે લઈને પણ મારી ફરજ નિભાવી લવ છું.

# ગુજરાતના અનેક શહેરોમાં આગામી દિવસોમાં ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાશે

અમદાવાદ,તા.૧

રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જામી રહ્યો છે ત્યારે રાત પડતા જ વાતાવરણ ઠંડુંગાર બની જાય છે. તો રાત પડતા જ મોટા ભાગના જિલ્લામાં ઠંડક વર્તાવા લાગે છે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીનું જોર વધશે. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થશે ત્યારે રાત્રે ભારે ઠંડકનો અનુભવ થશે. ત્યારે આજે અમદાવાદ ગાંધીનગર, મોરબી, મહેસાણા, ખેડા, નર્મદામાં ઠંડીનો પારો ૧૬ ડિગ્રી જેટલો ડાઉન જશે. જયારે કચ્છના નલિયામાં રાત્રિનું વાતાવરણ ૧૫ ડિગ્રી જેટલું નીચું જવાની શકયતા છે. કેટલાક જિલ્લાઓમાં રાત્રિ દરમિયાન વાતાવરણ ૧૮થી ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે અને તેના કારણે ઠંડી વધી પડશે. હવે સાંજે બહાર જાવ તો ગરમ વસ્ત્રો જરૂર સાથે રાખવા પડશે, કારણ કે સાંજ પડતાં જ ઘણા શહેરોમાં ઠંડીનો ચમકારો શરૂ થઈ જાય છે

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જમાવટ કરી રહ્યો છે ત્યારે મોડી સાંજથી ઠંડીનો અનુભવ થશે. તો આણંદમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૧૬ અનુભવાશે. જયારે અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અનુભવાશે. જયારે બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અનુભવાશે. તો ભરૂચમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તામ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે.

દાહોદમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૧૩ ડિગ્રી રહેશે. તો બોટાદનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. જયારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન૧૯ ડિગ્રી અનુભવાશે. જયારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૩૧ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી થશે જેના લીધે મોડી રાત્રે તેમજ વહેલી સવારે ઠંડીનો અનુભવ થશે. સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. તો ગીર સોમનાથમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. જ્યારે કચ્છમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. આમ દિવસ દરમિયાન ગરમી અને રાત્રે એકદમ ઠાર પડશે.

જૂનાગઢમાં દિવસે ઉગ્ર ગરમી અને રાત્રે પડશે ઠંડી રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અનુભવાશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે.

મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. જયારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. જયારે મોરબીમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૧૫ ડ઼િગ્રી રહેશે.

## મન્થલી માર્કેટ રિપોર્ટ

## નવેમ્બર મહિના દરમિયાન સોનાના વાયદામાં રૂ.૨,૧૫૮ અને ચાંદીમાં રૂ.૪,૫૬૨નો ઉછાળો

**ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૪૬૯ લપસ્યો: નેચરલ ગેસમાં સુધારો: કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૩,૯૩૦ની વૃદ્ધિ: મેન્થા તેલમાં સેંકડા વધ્યા: મહિના દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૭૭,૦૧૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯,૦૯,૬૪૭ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧,૯૪૧ કરોડનાં કામકાજ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧ થી ૩૦ નવેમ્બરના મહિના દરમિયાન ૧,૭૭,૫૯,૬૩૯ સોદાઓમાં કુલ રૂ.૧૪,૮૮,૬૦૪.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૭૭,૦૧૬.૩૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯,૦૯,૬૪૬.૯૭ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના નવેમ્બર મહિના દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૩,૬૯,૪૮૪ સોદાઓમાં કુલ રૂ.૨,૮૦,૬૮૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૫૦,૩૫૧ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩,૨૦૦ અને નીચામાં રૂ.૫૦,૦૦૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨,૧૫૮ના ઉછાળા સાથે રૂ.૫૨,૪૮૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૯૬૯ વધી રૂ.૪૨,૨૨૮ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭૩ વધી રૂ.૫,૨૮૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૯૦ના ભાવે ખૂલી, રૂ.૨,૦૭૬ની તેજી સાથે રૂ.૫૨,૪૩૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ મહિનાના પ્રારંભે રૂ.૫૭,૯૬૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૦૪૫ અને નીચામાં રૂ.૫૭,૦૪૯ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૪૫૬૨ના ઉછાળા સાથે રૂ.૬૨,૨૪૦ના સ્તરેના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૬૦૩ વધી રૂ.૬૧,૭૧૪ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૫૪૯ વધી રૂ.૬૧,૭૧૪ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં નવેમ્બર મહિના દરમિયાન એમસીએક્સ ખાતે ૬,૩૧,૧૯૫ સોદાઓમાં રૂ.૯૬,૮૯૦.૮૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૨.૬૫ વધી રૂ.૨૧૦.૨૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૧૬.૦૫ વધી રૂ.૨૬૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૨.૦૫ વધી રૂ.૬૭૯.૧૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૦૫ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર નવેમ્બર મહિનામાં ૨૫,૪૭,૦૨૬ સોદાઓમાં કુલ રૂ.૧,૯૭,૫૧૯.૭૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો મહિનાના પ્રારંભે રૂ.૭,૧૬૧ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૫૯૬ અને નીચામાં રૂ.૬,૦૫૨ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૬૯ના ભાવઘટાડા સાથે રૂ.૬,૫૭૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૦ વધી રૂ.૫૬૮.૪૦ના સ્તરે બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે મહિના દરમિયાન ૨૧,૮૬૫ સોદાઓમાં રૂ.૧,૯૧૬.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૮,૫૦૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૩,૮૫૦ અને નીચામાં રૂ.૨૮,૫૦૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૩,૯૩૦ના ઉછાળા સાથે રૂ.૩૨,૫૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧૧ની તેજી સાથે રૂ.૧૦૯૮ થયો હતો.

કામકાજની દષ્ટિએ નવેમ્બર મહિના દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦૪,૬૬૯.૨૮ કરોડનાં ૨૦૧,૨૮૫.૬૫૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧૭૬,૦૧૯.૮૫ કરોડનાં ૨૮,૬૩૯.૯૪૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૦,૧૬૪.૧૫ કરોડનાં ૧૦૨,૩૫૫,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૨૭,૩૫૬ કરોડનાં ૨૩૭૬૨૧૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧,૭૭૧.૦૧ કરોડનાં ૫૬૧૫૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૪૫.૫૬ કરોડનાં ૧૫૧૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ મહિનાના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૭૩.૯૮૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૬૧.૦૮૬ ટન, ક્રૂડ તેલમાં ૧૨૭૨૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૪૦૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૯૪૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૭.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર મહિના દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૧,૯૪૦.૯૩ કરોડનાં ૨૬,૮૮૫ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૩,૯૯૮ના સ્તરે ખૂલી, ૬૪૪ પોઈન્ટ વધી ૧૪,૬૧૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં નવેમ્બર મહિના દરમિયાન એમસીએક્સ પર રૂ.૯,૦૯,૬૪૬.૯૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩,૮૩૫.૨૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦,૫૩૬.૮૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૩૩,૩૯૩.૦૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૦૧,૮૨૭.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

# મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે શહેર ભાજપા દ્વારા ડોક્ટર સેલ સંમેલન યોજાયું

### ગુજરાતમાં ભાજપની વિકાસની રાજનીતિ જ ચાલશે અને લોકપ્રિય ઉમેદવાર રીટાબેન પટેલ વિજયી બનશે -શ્રી દેવેન્દ્ર ફડણવીસ



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં ૩૦ નવેમ્બર બુધવારે, સેક્ટર ૨૧ ખાતે શહેર ભાજપ દ્વારા ડોક્ટર સેલનું સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે શ્રી ફડણવીસે મોટી સંખ્યામાં ઉપસ્થિત તબીબોનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે, કોરોના મહામારી દરમિયાન સૌ મેડિકલ પ્રોફેશનલ્સે પોતાનો જીવ જોખમમાં મૂકીને દર્દીઓની કરેલી સારવાર અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂઝબૂઝના નિર્ણયો થકી આપણે આ વૈશ્વિક મહામારીમાંથી ઉગરી શક્યા છીએ.

સ્વદેશી વેકસીન મેન્યુફેક્ચરિંગ થી લઈને તેના કોલ્ડ ચેઈનમાં ટ્રાન્સપોર્ટેશન સુધી, અને પી.પી.ઈ. કીટ સહિતના જરૂરી વસ્તુઓની ઉત્પાદનક્ષમતામાં વધારો કરવા અંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી છે અને જ્યારે વિકસિત દેશો ફક્ત પોતાના નાગરિકોને જ વેકસીન આપી રહ્યા હતા ત્યારે ભારતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે પોતાના નાગરિકોમે ૨૩૦ કરોડ ડોઝ ઉપરાંત વિશ્વના ૭૦ દેશોમાં વેકસીન પુરી પાડી જ્યાં અતિઆવશ્યક હતી. આજે દેશમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેજ ગતિથી વિકાસ થઈ રહ્યો છે, વ્યવસ્થા પરિવર્તન થઈ રહ્યું છે.

વિકાસ આ ગુજરાતે વિકાસ થતો પ્રત્યક્ષ રૂપથી જોયો છે, બદલાતું ગુજરાત નાગરિકોએ જોયું છે.

અહીં ભાજપની વિકાસની રાજનીતિ જ ચાલશે અને લોકપ્રિય ઉમેદવાર રીટાબેન પટેલ વિજયી બનશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપા ઉમેદવાર રીટાબેન પટેલ ઉપરાંત મેયર હિતેશભાઈ મકવાણા, પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહાનગર ડોકટર સેલના ડૉ. હસમુખ પટેલ, ડૉ. મિહિરભાઈ, ડૉ. બંકિંમ મોદી સાથે ડોકટર સેલના પદાધિકારીઓ અને શહેરના જાણીતા તબીબો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડાવળી માં કોંગ્રેસના ઉમેદવારની સભા પૂર્ણ નાસ્તા ના પડીકા માટે ઉમેદવારની હાજરીમાં જે લોકોએ નાસ્તા માટે પડા પડી કરી



હાલમાં પ્રથમ તબક્કા ની ચૂંટણી પ્રચાર શાંત થયો છે અને જયારે બીજા તબક્કાની ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે ૧૭ ચાણસ્મા વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર દિનેશકુમાર પોતાની વડાવલી ગામે પ્રચાર સભા કરવા માટે ગયા હતા સભા પૂર્ણ થયા બાદ તેમની હાજરીમાં જ નાસ્તાના પડીકા માટે લોકોએ રીતસરની પડાપડી કરતા ઘડીભર ધમાચકડી મરચી જવા પામી હતી એક બાજુ મતદારોને નાસ્તા આપવા રોકડ રકમ આપી જેવા પ્રલોભર માટે આદર્શ આચારસંહિતા નો આમલીકરણ કરાવવા માટે ચૂંટણી પંચ દ્વારા તકેદારી રાખવામાં આવે છે તો વડાવલીની સભામાં આવો દ્રશ્ય થયું ત્યારે ચૂંટણી પંચના તકેદારી રાખનાર અધિકારીઓ ક્યાં ગયા કે વેધક પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહ્યો છે

## ૧૭૩-ડાંગ (S.T.) બેઠક માટે ચાર વાગ્યા સુધીમા નોંધાયુ અંદાજીત ૬૩.૯૦ ટકા મતદાન

આહવાઃ તાઃ ૧ : ૧૭૩-ડાંગ (S.T.) વિધાનસભા મતદાર વિભાગની પ્રથમ ચરણની યોજાયેલી ચૂંટણીમા, સાંજના ચાર વાગ્યા સુધી ૬૩.૯૦ ટકા મતદાન નોંધાવા પામ્યુ છે.

ડાંગમા નોંધાયેલા કુલ ૯૬ હજાર ૩૮૭ સ્ત્રી, ૯૬ હજાર ૯૦૯ પુરુષ, અને બે (૦૨) થર્ડ જેન્ડર મતદારો મળી કુલ- ૧ લાખ ૯૩ હજાર ૨૯૮ મતદારો પૈકી, આ લખાઈ રહ્યુ છે ત્યાં સુધી એટલે કે સાંજના ચાર વાગ્યા સુધી ૫૯,૧૩૭ સ્ત્રી, ૫૭,૩૨૫ પુરુષ, મળી કુલ ૧,૧૬,૪૬૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

દરમિયાન જિલ્લાના મોટી દભાસ ગામે રસ્તાના મુદ્દે ચૂંટણી બહિષ્કાર કરતા ગ્રામજનોએ તંત્રની સમજાવટથી મતદાન કર્યુ હતુ.

જ્યારે સાંજે ચાર વાગ્યાની સ્થિતિએ ૨૮૭-બીલમાળ, ૧૧૭-ગીરા, ૧૧૨-કોસીમપાતળ, અને ૨૯-વાંકન, તથા ૭૦-જામનસોઢા એમ કુલ પાંચ ગામોના ગ્રામજનો તેમની વિવિધ માંગણીઓ સંદર્ભે મતદાનથી અળગા રહ્યા હતા. જોકે વાંકન અને જામનસોઢા મતદાન મથકે અનુક્રમે ત્રણ, અને બે ઈ.ડી.સી. મતો નોંધાવા પામ્યા છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

## ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવ્યો તે બદલ દરેક ગુજરાતના મતદાતાઓનો કોંગ્રેસ પક્ષ વતી ખૂબ ખૂબ આભાર: શ્રી જગદીશ ઠાકોર

ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરાં કરવામાં આવશેઃ શ્રી જગદીશ ઠાકોર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આજે તા. ૧ ડીસેમ્બર, ૨૦૨૨ના રોજ પ્રથમ ચરણની ૮૯ સીટોનું મતદાન સંપન્ન થયું છે. સમગ્ર ગુજરાતની પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનના ઉત્સવને સંકલ્પ સ્વરૂપે મનાવ્યો છે તે બદલ દરેક મતદાતાઓનો કોંગ્રેસ પક્ષ વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

ગુજરાત કોંગ્રેસનો મેનીફેસ્ટો એ અમારો દ્રઢ સંકલ્પ છે. રાહુલ ગાંધી દ્વારા અપાયેલા દરેક વચનો કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ પુરા કરવામાં આવશે.

પ્રત્યેક વ્યક્તિને ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર, તમામ દવાઓ વિનામૂલ્યે, ઘર વપરાશની વીજળીમાં ૩૦૦ યુનિટ માફ, રૂ. ૫૦૦ માં ઘરેલું ગેસ સિલિન્ડર, યુવાનો માટે ૧૦ લાખ સરકારી નોકરીની તક, બેરોજગાર યુવાનોને માસિક રૂ. ૩૦૦૦ નું બેરોજગારી ભથ્થું, સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પ્રથાનો અંત, સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ, ૩,૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ સ્થપાશે, દીકરીઓને દ્રવ્યથી ૫ સુધીનું શિક્ષણ નિઃશુલ્ક, કિડની, લિવર અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ નિઃશુલ્ક, આધુનિક સુવિધાઓથી સજ્જ અદ્યતન હોસ્પિટલો બનાવવામાં આવશે, કોરોનામાં મૃત્યુ પામેલ પ્રત્યેક વ્યક્તિના પરિવારને રૂ. ૪ લાખની સહાય, શહેરી વિસ્તારોમાં ૧૦૦ દિવસની રોજગારી ગેરંટી યોજના સાથે માથા આઠ રૂપિયામાં પૌષ્ટિક ભોજનની વ્યવસ્થા, ગુજરાતમાં કોંગ્રેસે જે વચનો આપ્યા છે તે પુરાં કરશે કારણ કે કોંગ્રેસનો ટ્રેક રેકોર્ડ છે કે કોંગ્રેસે જે કહ્યું છે તે કરી બતાવ્યું છે. ગુજરાતના પ્રથમ ચરણના મતદારોનો ખૂબ ખૂબ આભાર કે જેમણે કોંગ્રેસની તરફેણમાં મતદાન કરીને લોકશાહીને મજબૂત બળ પુરું પાડ્યું છે. આ સાથે તા. ૫ ડીસેમ્બરના રોજ બીજા ચરણના દરેક મતદારોને કોંગ્રેસની તરફેણમાં મત આપી લોકશાહીના પર્વને કર્તવ્યનિષ્ઠાથી નિભાવવા નમ્ર અપીલ છે.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

## જામનગરના જામજોધપુરમાં સિઝેરિયન કર્યા પછીના ૨ દિવસમાં જ માતાએ મતદાન કર્યું



જામનગર,તા.૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના કારણે સમગ્ર ગુજરાત ચૂંટણીમય બની ગયું છે. જેમાં જનતાને મત આપવા અંગે જાગૃત કરવાના હેતુથી રાજ્યના ખૂણે ખૂણે મતદાન કરવાના સંકલ્પ તેમજ સંદેશા સહિત અપીલ કરવાના ઘણાય અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે.ગુજરાતમાં બે તબક્કામાં ચૂંટણી યોજાવા જઈ રહી છે અને વધુ સારા ભવિષ્યના નિર્માણ માટે તમામ નાગરિકો મતદાન મથકોની મુલાકાત લઈ રહ્યા છે.રાજ્યના લગભગ મોટાભાગના દિવ્યાંગ મતદારો, સિનિયર સીટીઝન મતદારો અથવા જેઓ કોઇ ને કોઇ પોતાની શારીરિક સમસ્યાના કારણે પોલિંગ બુથ પર જઈ શકે એમ ન હોય તેવા અનેક મતદારોનું ચૂંટણી અધિકારીના અનોખા પ્રયાસ થકી ઘરે બેઠાં જ પોસ્ટલ બેલેટના માધ્યમ થકી મતદાન કરાવવામાં આવ્યું હતું.જેથી કરીને તેઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી થાય નહીં અને પોતાનો મત તેઓ વગર અડચણે આપીને પોતાની ફરજ નિભાવી શકે તેમજ અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની શકે. ત્યારે જામનગરના જામજોધપુરમાં રહેતાં એવાં જ એક મતદાતા બહેનની છે જેમનું નામ શ્રેયા હિતાર્થ વ્યાસ છે.

આ બહેને તારીખ ૨૯ મી નવેમ્બરના રોજ સીઝેરિયન ડિલિવરી થકી એક બાળકને જન્મ આપ્યો હતો. બાળકના જન્મની ખુશી પરિવારમાં બેહદ હતી. માતા અને બાળક બન્નેનું સ્વાસ્થ્ય પણ સારુ હોવા છતાં શ્રેયાબેનને કંઈક ખૂટતું લાગ્યું અને તેમને ખ્યાલ આવ્યો કે તેમના અત્યારે જ જન્મેલા બાળકના ભવિષ્ય અંગેનો નિર્ણય લેવાનો સમય અને અવસર આવી ગયો હતો.

જેથી કરીને તેઓ હોસ્પિટલમાંથી રજા મળતાં જ પોતાના ફક્ત ૨ જ દિવસના બાળકને મૂકીને તેનું ભાવિ નક્કી કરવા મતદાન મથકે પહોંચી જઈને એક જાગૃત નાગરિક તરીકેની પોતાની જવાબદારી નિભાવી હતી. તેઓ હોસ્પિટલમાંથી રજા મળતાં જ જામજોધપુરમાં મતદાન કરવા સીધા મતદાન મથક પર ગયા હતા.તેમનું કહેવું છે કે,' મતદાન એ યોગ્ય નેતા પસંદ કરવાનો મારો મૂળભૂત અધિકાર છે અને હું મારા દેશના એક જવાબદાર નાગરિક તરીકે તેને પૂર્ણ કરું છું. દરેક વ્યક્તિએ આ લોકશાહી પ્રક્રિયામાં હકારાત્મક રીતે સક્રિય હોય એવા નેતાને મત આપવો જોઈએ જેથી તે જનતાનું પ્રતિનિધિત્વ કરી શકે.'

## અમદાવાદમાં અરવિંદ કેજરીવાલ અને ભગવંત માનના રોડ શોમાં જનમેદની ઉમટી



અમદાવાદ,તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રોડ શો પહેલા અમદાવાદમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્લીના મુખ્યમંત્રી તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનનો રોડ શો શરુ થયો હતો બાપુનગર વિધાનસભામાં સરસપુર આંબેડકર હોલથી રોડ શો ઢોલ-નગારા સાથે ભવ્ય રોડ શો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતાં અરવિંદ કેજરીવાલે રોડ શો પહેલા લોકોને કેમ છો કહીને સંબોધ્યા હતા.

આપના સંયોજક અરવિંદ કેજરીવાલે રોડ શો દરમિયાન કહ્યુ કે મને એક વ્યક્તિ મળી, તેણે કહ્યુ કે આમ આદમી પાર્ટીને વોટ આપીશ. ભાજપને વોટ આપવાથી કોઈ ફાયદો નથી. વીજળી ફ્રી મળશે. દરેક મહિલાને મહિને ૧૦૦ રુપિયા મળશે. ભાજપને વોટ આપવાથી ગુંડાગિરી વધશે. કેજરીવાલે કહ્યુ કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વીજળીના બિલો લઈને આવ્યા છે. ૦ વિજળીના બિલના પુરાવા લઈને આવ્યા છે. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને ૦ વિજળીના બિલના પુરાવા લોકો વચ્ચે ફેંક્યા હતા. રોડ શોમાં હરભજન સિંહ અને રાઘવ ચઢ્ઢા પણ જોડાયા.

રાઘવ ચઢ્ઢાએ કહ્યુ કે ગુજરાતમાં કેજરીવાલ આવે છે, પરિવર્તન લાવે છે ના નારા છે. ગુજરાતમાં મફત વિજળી, શિક્ષણ, સારી આરોગ્ય વ્યવસ્થા મળશે. મહિલાઓને ૧૦૦૦ રુપિયાની આર્થિક મદદ મળશે. યુવાનોને રોજગાર આપીશુ. રોજગાર નહિ મળે ત્યાં સુધી બેરોજગાર ભથ્થુ મળશે. ૨૭ વર્ષ સુધી શાસન કરનાર ભ્રષ્ટ સરકારને ઉખાડીને ફેંકી દો. ભગવંત માને રોડ શોમાં કહ્યુ કે અમે તમારા અકાઉન્ટમાં ૧૫ લાખ નાખીશુ એવુ નથી કહેતા. પરંતુ તમારા મહિને ૩૦,૦૦૦ પહેલા જ મહિનાથી બચાવીશુ. અરવિંદ કેજરીવવાલ ફ્રીની રેવડી આપે છે તો ૧૫ લાખનુ શું હતુ? ૨૭ વર્ષ જૂની મોંઘવારી, બેરોજગારી અને પેપર ફૂટે છે એવી ચક્કીને બદલવા લોકો તૈયાર છે. આમ આદમી પાર્ટી સર્વેમાં નહિ પરંતુ સરકારમાં આવે છે. અમે ભ્રષ્ટાચારનુ લીકેજ બંધ કરીને પૈસા વાપરીશુ. પંજાબમાં ૯૦૦૦ એકર જમીન નેતાઓ અને તેમના માણસોએ પચાવી પાડી હતી જે અમે છોડાવી દીધી છે. પંજાબમાં મોહલ્લા ક્લિનિક અમે બનાવ્યા છે. અમે ગેરંટી આપી હતી કે જૂની પેન્શન યોજના લાગુ કરીશુ જેનુ જાહેરનામુ પણ કરી દીધુ છે. ધારાસભ્યોનાં પેન્શનો પણ બંધ કર્યા, જેનાથી કરોડો રૂપિયા બચ્યા, જેનો અમે ઉપયોગ કરીએ છીએ. હવે કહો ક્યાંથી રેવડી થઈ? ટેક્સના પૈસે કોલેજ, મોહલ્લા ક્લિનિક વગેરે બનાવીએ છીએ. અમે પંજાબને મેડિકલ હબ બનાવીશુ.

## કોંગ્રેસે જેટલી વખત વડાપ્રધાન વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો છે, જનતાએ મતપેટીમાં જવાબ આપ્યો છે.: અમિત શાહ



અમદાવાદ,તા.૧

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને કરવામાં આવેલી વિવાદાસ્પદ 'રાવણ' ટિપ્પણીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો છે. આ પહેલા ગુરુવારે જ્યાં પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું ત્યાં ગૃહમંત્રી અમિત શાહે પણ ખડગેની ટિપ્પણીની ટીકા કરી હતી. શાહે કહ્યું, 'ગુજરાતમાં કોંગ્રેસે જેટલી વખત વડાપ્રધાન વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો છે, જનતાએ મતપેટીમાં જવાબ આપ્યો છે. આ વખતે પણ ગુજરાતની જનતા મોદીજીના અપમાનનો જવાબ આપશે.કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદમાં રોડ શો દરમિયાન આ વાત કહી હતી.આ પહેલા પીએમ મોદીએ ગુજરાતમાં ચૂંટણી સભામાં કહ્યું હતું કે, 'કોંગ્રેસમાં હરીફાઈ ચાલી રહી છે કે કોણ મોદીનું સૌથી વધુ અપમાન કરે છે. પણ એક વાત લખી લો, જેટલો કાદવ ફેંકશો તેટલું કમળ ખીલશે.તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતાઓએ આવા નિવેદનો બદલ ખેદ વ્યક્ત કર્યો નથી.તમને જણાવી દઈએ કે સોમવારે ગુજરાતમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે ખડગેએ કહ્યું હતું કે તમામ ચૂંટણીઓમાં વડાપ્રધાન લોકોને 'તેમનો ચહેરો જોઈને મત આપવા' કહે છે. ખડગેએ પૂછ્યું હતું કે, 'શું તમે ૧૦૦ માથાવાળા રાવણ જેવા છો?ભાજપે ખડેગીની ટિપ્પણીને ગુજરાતની જનતાનું અપમાન ગણાવી હતી. આ ટિપ્પણી સામે સખત વાંધો ઉઠાવતા મુખ્યમંત્રી પટેલે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, 'કોઈપણ વિકાસના એજન્ડા અને લોકોના સમર્થન વિના, કોંગ્રેસ ગુજરાત અને ગુજરાતીઓ સાથે દુર્વ્યવહાર કરવા પર તત્પર છે.× આપેલ નિવેદન ગુજરાતીઓ પ્રત્યેની તેમની નફરતનો પુરાવો છે. આવા વર્તન માટે ગુજરાતની જનતા આ વખતે પણ તેમને નકારી કાઢશે.




ગાંધીનગર જીઈબી કોલોની ખાતે જીઈબી એન્જીનીયર્સ એસોશીએશનની સામાન્ય સભા અને મહામંત્રી (જનરેશન) શ્રી વી.કે.રાણા નો વિદાય સમારંભ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એ.એન. ધેરવરા સાહેબના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. તેમાં સેક્રેટરી જનરલ શ્રી બી.એમ.શાહ, ભૂતપુર્વ સેક્રેટરી જનરલ શ્રી આર.એમ.જાડેજા,ઉપપ્રમુખ શ્રી એસ.એન.ખારોડ, સેક્રેટરી ફાઈનાન્સ શ્રી જે.આર.શાહ,મુખ્ય ઈજનેર(UGVCL) શ્રી જી.એચ.એન્જીનિયર, AGS શ્રી એચ.એમ.પટેલ,ઝોનલ સેક્રેટરી શ્રી આર.એસ.પટેલ,સર્કલ સેક્રેટરી શ્રી એ.ઝેડ.લીંબાચીયા, એસોશીએશનના વિવિધ પાવર સ્ટેશનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ઈજનેરો હાજર રહ્યા હતા.શ્રી વી.કે. રાણાનું સાલ ઓઢાડી તથા સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું.સમારંભનું સંચાલન શ્રી હિતાર્થ વસાવડા તથા આભાર વિધી શ્રી એ બી. પ્રજાપતિએ કરી હતી.

## યોગ કાર્યક્રમમાં સ્વામી રામદેવજી અને આચાર્ય લોકેશજીએ સંબોધન કર્યું હતું

### યોગ દ્વારા મનની શાંતિ અને રાષ્ટ્રીય એકતા શક્ય - સ્વામી રામદેવ

### એક સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ યોગ દ્વારા જ થશે - આચાર્ય લોકેશજી






કેશવપ્રિયા ગૌશાળામાં સ્વામી રામદેવજી, આચાર્ય લોકેશજી, સ્વામી ચિદાનંદજી, મુરલીધરજીએ વૃક્ષારોપણ અને ગાયની સેવા કરી. દેશનાં મહાન સંતો સ્વામી રામદેવજી, આચાર્ય ડો.લોકેશજી, સ્વામી ચિદાનંદ સરસ્વતીજી, મુરલીધરજી મહારાજે રઘુવંશપુરમ આશ્રમ, કેશવપ્રિયા ગૌશાળા, જોધપુર ખાતે યોગ અને વેલનેસ પર આયોજિત લાઈવ કાર્યક્રમનું સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમ દેશની ઘણી મીડિયા ચેનલો પર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યો હતો, જેને દેશ અને દુનિયાનાં મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યો હતો અને સંતોનાં પ્રવચનનો લાભ લીધો હતો.

રાજસ્થાનની ધરતીનાં પુત્ર, વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે યોગ અને વેલનેસ એ વર્તમાન સમયની મોટી જરૂરિયાત છે, યોગ અને વેલનેસ દ્વારા જ સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે યોગ રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરીને જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરે છે. યોગ નકારાત્મક ઉર્જા દૂર કરીને સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરે છે. તેમણે કહ્યું કે સ્વામી રામદેવજીએ યોગ અને આયુર્વેદ દ્વારા લોકોને સમજાવીને મોટી સેવા કરી છે અને કોરોનાના સમયમાં પણ યોગ અને આયુર્વેદ દ્વારા અનેક લોકોના જીવન બચાવી શકાય છે.

સ્વામી રામદેવજીએ કહ્યું કે વ્યાયામ અને યોગ એ એવી પ્રવૃત્તિઓ છે જેમાં જીવનના શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક સ્તરના સર્જનાત્મક સિદ્ધાંતો સાથે વ્યક્તિની સુમેળ, માનસિક શાંતિ અને રાષ્ટ્રીય એકતાનું નિર્માણ થાય છે. યોગમાં સ્વાસ્થ્ય પ્રમોશન, રોગ નિવારણ અને રોગનિવારક તેમજ પુનઃસ્થાપન ક્રિયાની અપાર સંભાવનાઓ છે. સ્વામી ચિદાનંદ સરસ્વતીજીએ કહ્યું કે સ્વસ્થ જીવન માટે સંયમિત અને શિસ્તબદ્ધ દિનચર્યા હોવી જરૂરી છે. યોગ દ્વારા માત્ર રોગોનું જ નિદાન નથી થતું, પરંતુ તેને અપનાવીને ઘણી શારીરિક અને માનસિક સમસ્યાઓ પણ દૂર કરી શકાય છે તેમણે કહ્યું કે સ્વામી રામદેવજીએ યોગ અને આયુર્વેદ દ્વારા વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. મુરલીધરજી મહારાજે જણાવ્યું હતું કે, રઘુવંશપુરમ આશ્રમ, કેશવપ્રિયા ગૌશાળામાં દેશના મહાન સંતોનું આગમન થયુ તે સૌભાગ્યની વાત છે. તેમણે કહ્યું કે યોગ એ પ્રાચીન ભારતીય જીવન પદ્ધતિ છે. જેમાં તન, મન અને આત્માને એકસાથે લાવવાનું કામ કરવામાં આવે છે. યોગ દ્વારા શરીર, મન અને મગજને સંપૂર્ણ રીતે સ્વસ્થ બનાવી શકાય છે.જ્યારે ત્રણેય સ્વસ્થ હોય છે, ત્યારે તમે તમારી જાતને સ્વસ્થ અનુભવો છો. તેમણે કહ્યું કે સ્વામી રામદેવજી રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ છે.આ પ્રસંગે તમામ સંતોએ રઘુવંશપુરમ આશ્રમ, કેશવ પ્રિયા ગૌશાળામાં વૃક્ષારોપણ કરી ગૌ સેવા કરીને પર્યાવરણ અને પ્રાણીઓ પ્રત્યે જાગૃત થવાનો સંદેશ પણ સમાજને આપ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.